**BOM-55 (ACA-56.18)**

**દાતાશ્રીઓના દાનના વ્યાજમાંથી દરેક વિદ્યાશાખામાં આપવામાં આવતાં મેડલોમાં ખૂટતી વ્યાજની રકમ માટે બં.અ.કૃષિ મહાવિદ્યાલના વિદ્યાર્થી પ્રતિનિધિ સંઘના ફંડમાંથી રૂા.૮.૦૦ લાખ ફીકસ ડીપોઝીટ તરીકે જમા કરાવી તેના વ્યાજની રકમમાંથી ખૂટતા વ્યાજમાં ઉમેરો કરી મેડલો બનાવવા બાબત.**

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

<u>વંચાણે લીધા</u> : તા.૨૯–૧૦–૨૦૨૧ ના રોજ વી.સી.કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર : ૫૫.૧૯

## :: જા હે ર ના મું ::

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા.૨૯–૧૦–૨૦૨૧ ના રોજ વી.સી. કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર : ૫૫.૧૯ થી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૫૬મી બેઠકના મુદ્દા નં.૫૬.૧૮ થી થયેલ ભલામણ મુજબ દરેક વિદ્યાશાખામાં આપવામાં આવતાં જુદા–જુદા મેડલો હાલની તકે ઉપલબ્ધ ફીકસ ડીપોઝીટની રકમના વ્યાજમાંથી બનાવવામાં આવી રહેલ છે. પરંતુ આ વ્યાજની રકમ સદરહું મેડલો બનાવવા માટે અપુરતી હોવાથી ખુટતી રકમ પુરી પાડવા માટે બં.અ.કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિદ્યાર્થી પ્રતિનિધિ સંઘના ફંડમાંથી રૂા.૮.૦૦ લાખ Comptroller, AAU, Donation A/c માં ફીકસ ડીપોઝીટ તરીકે જમા કરાવવા અને તેના વ્યાજની રકમનો ઉપયોગ કરીને આ મેડલો બનાવવા માટે કરવાનો રહેશે. આ રકમનો ઉપયોગ કરતા વ્યાજની જે રકમ વધશે તેને દર વર્ષે ફીકસ ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે તેવી વિદ્યાપરિષદની ભલામણ ગ્રાહય રાખી નિયામક મંડળ મંજુર કરે છે."

જા.નં.આકૃયુ/વિક/ફીકસ ડિપોઝીટ રકમ/ ૧૨૯૬–૧૩૨૧/૨૦૨૧
તા.૨૪/૧૧/૨૦૨૧

**(ડી.એચ.પટેલ)**
**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧. નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. તમામ આચાર્ય/ડીનશ્રીઓ તરફ જાણ સારૂ.

**<u>નકલ રવાના :</u>**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૩. એકેડેમીક / બોર્ડ/પરીક્ષા શાખા તરફ (૨૦ નકલો)
૪. સિલેકટ ફાઈલ / જાહેરનામા ફાઈલ